



## રાજકોટ એરપોર્ટ સલાહકાર સમિતિની યોજાયેલ મિટિંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કૉમેર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહી એરલાઈન્સ ને લગતા પ્રશ્નો ની રજુઆત કરેલ.

રાજકોટ એરપોર્ટ સલાહકાર સમિતિનું કરાયેલ ગઠનમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની નિમણુંક કરવામાં આવેલ હતી. જેની પ્રથમ બેઠક તાજેતરમાં માનનીય સાંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા તથા નવ નિયુકત એરપોર્ટ ડાયરેકટશ્રી દિગંત બોરાની અધ્યક્ષાતામાં યોજવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહી એરલાઈન્સને લગતા વિવિધ મુદાસર પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ હતી. જેમાં ખાસ કરીને રાજકોટ ઓટો પાર્ટ્સ નું હબ હોય તથા તમામ ઔદ્યોગિક, વાણિજિયક, ખેત વિષયક તથા સેવા પ્રદાન ક્ષેત્રે અગ્રેસરની ભુમિકા ભજવે છે. રાજકોટ-સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને પાર્સલ વાયા અમદાવાદથી મોકલવું પડે છે જેથી ડાયરેકટ રાજકોટ થી જ પાર્સલ મોકલી શકાય તે માટે તાત્કાલીક એર કાર્ગો સેર્વીસ પણ શરૂ કરવી. રાજકોટ એરપોર્ટના રન-વેની લંબાઈ વધી ગયેલ છે અને રાત્રી પાર્કિંગ ની સુવિધા પણ ઉપલબ્ધ થઈ ગયેલ છે ત્યારે રાજકોટ-મુંબઈ, રાજકોટ-દિલ્હી તથા રાજકોટ-બેંગ્લોરમાટે ઈન્ડીંગો એરલાઈન્સની ડેઈલી ફ્લાઈટ વહેલી તકે શરૂ કરવા ભારપુર્વક રજુઆત કરાયેલ. તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના લોકો આસ્થાના પ્રતિક સમાન નાથદ્ધારા ધામે અવાર-નવાર જતા હોવાથી રાજકોટ-દિલ્હી વાયા ઉદયપુર તથા રાજકોટ-બેંગ્લોર વાયા મુબંઈ માટે પણ ડેઈલી ફ્લાઈટ શરૂ કરવા જણાવેલ. આમ રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને આવનારા સમયમાં વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તેવા પ્રયાસ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્ધારા મિટીંગમાં રજુઆત કરવામાં આવેલ હતી.